# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર

ACCREDITED GRADE "A" BY NAAC (CGPA 3.28)

## માહિતી અને જનસંપર્ક વિભાગ

Website : www.ayurveduniversity.edu.in Email : pro@ayurveduniversity.com ફોન : 0288-2556852


**અખબારી યાદી નં.૨૧**

**શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિધાલય, જામનગરના "૭૩ મો સ્થાપનાદિન" નિમિતે વિવિધ જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી સંચાલિત શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિધાલય, જામનગર નો ૭૩ મો સ્થાપનાદિન આગામી તારીખ ૧ જુલાઈ ૨૦૧૮ ના રોજ આવી રહેલ છે. સ્થાપનાદિન નિમિત્તે મહાવિધાલય દ્વારા વિવિધ જ્ઞાનવર્ધક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તે શ્રેણીમાં આ વર્ષે એક સતત તબીબી શિક્ષણ ના કાર્યક્રમ "કોમ્પ્યુટર યુગમાં નાડી પરીક્ષણ" વિષય ઉપર આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મુંબઈના ખ્યાતનામ તબીબ અને નાડીવૈધ ડો. સંજય છાજેડ દ્વારા નાડી વિજ્ઞાનના વિષય ઉપર માર્ગદર્શન આપવામાં આવશે. ડો. સંજય છાજેડ આ વિષયના નિષ્ણાત છે તથા તેમણે દેશ-વિદેશમાં નાડી વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટે વિવિધ વ્યાખ્યાનો તથા નિર્દેશનો આપેલા છે. આ કાર્યક્રમમાં ૬૦૦ થી ૭૦૦ જેટલા આયુર્વેદના વિધાર્થીઓ તેમજ આયુર્વેદના તબીબો ભાગ લેશે તેવી ધારણા છે. નાડી વિજ્ઞાન દ્વારા રોગનું નિદાન કરવું એ પ્રાચીન આયુર્વેદિક પદ્ધતિ છે. આ પ્રકારના કાર્યક્રમથી આયુર્વેદના વિધાર્થીઓ તેમજ તબીબો દ્વારા નિદાન કરવાની પદ્ધતિ ઉપર વધુ માહિતી મેળવી તેનો ચિકિત્સામાં પ્રયોગ કરવા સમર્થ બને તેવો હેતુ છે, તેમજ કોમ્પ્યુટર યુગમાં જ્યારે તમામ નૈદાનિક બાબતો કોમ્પ્યુટર આધારિત થઈ રહી છે તે સમયે પ્રાચીન નાડીવૈધકને પણ આધુનિક ઓળખ કઈ રીતે આપી શકાય તે બાબત "નાડી તરંગિણી" નામના વિશિષ્ટ સાધનના નાં માધ્યમથી નિર્દેશિત કરવામાં આવશે. આ કાર્યક્રમ ૧ જુલાઈના રોજ સવારે ૯ કલાકે ઉદઘાટન સમારોહ ચાલુ થઈને સાંજના ૬.૩૦ કલાકના પૂર્ણાહુતિ થશે. આ કાર્યક્રમમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ શ્રી સંજીવભાઈ ઓઝા, કુલસચિવ શ્રી આર. એમ. ઝાલા, આઇ.પી.જી.ટી. એન્ડ આર.એ. ના ડાયરેક્ટર તથા ડીન શ્રી, મેડિકલ કોલેજના ડીન શ્રી નંદિનીબેન, ડેન્ટલ કોલેજના ઈન્ચાર્જ ડીન શ્રી નયનાબેન, ગુલાબકુંવરબા આયુર્વેદ સોસાયટી ના પ્રમુખ શ્રી આર.કે.શાહ તેમજ સંરક્ષણ પાંખના તબીબી સેવાના અધિકારીશ્રીઓ હાજર રહેશે.

---

નં.આયુ/યુનિ/માહિતી/૨/૨૦૧૮-૧૯/૯૪૯ તારીખ :૨૮/૦૬/૨૦૧૮

પ્રતિ,
તંત્રીશ્રી/પ્રેસ પ્રતિનિધિશ્રી,
મહોદયશ્રી,

આપના સુપ્રસિદ્ધ અખબાર/ચેનલમાં જાહેર જનતાના લાભાર્થે બહોળી પ્રસિદ્ધિ મળે તે હેતુથી ઉપર્યુક્ત અખબારીયાદીને પ્રકાશિત/કરવા વિનંતી.

આભાર

આપનો વિશ્વાસુ

( વૈદ્ય ધનંજય પટેલ )
ઈ.માહિતી અને જનસંપર્ક અધિકારી

**નકલ રવાના:**

1. સર્વે પ્રેસપ્રતિનિધિશ્રીઓ તરફ....ઇમેઇલ ધ્વારા
2. નાયબ માહિતી નિયામકશ્રી, લાલબંગલો, જામનગર (સમાચાર માધ્યમોને મોકલવાની વિનંતી સાથે)
3. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ...ઇમેઇલ ધ્વારા (આપના વિભાગમાં નોટીસબોર્ડમાં મૂકવાની વિનંતી સૂચના સાથે.)
   (૧) બોટાનિક્લ ગાર્ડન (૨) પ્રેસ વિભાગ
4. પીપીએસ ટુ વીસી, કુલપતિશ્રી કાર્યાલય (વેબસાઇટ પર પ્રસારિત કરવાની સૂચના સાથે)
5. તંત્રીશ્રી, ન્યૂઝ લેટર, નિયામકશ્રી, આઈ.પી.જી.ટી એન્ડ આર. એ., જામનગર
6. તંત્રીશ્રી, ન્યૂઝ ફ્લેશ, આચાર્યશ્રી, આઇ.એ.પી.એસ , જામનગર